





છે બધા સરખા ખાયકીમાં, ખોટી ચર્ચા છે!
આવા પ્રતિનિધિની ધાંધલે, ખોટા ખર્ચા છે,
મરચાં લાગે છે એમને સત્ય સાંભળીને -
'સેવા' બેઠી છે ખૂણામાં ને લક્ષ્મીની અર્ચા છે.




સાપ ને ઘેર
છે સાપ મહેમાન -
ને ચાટ્યાં મુખ!
(સંસદમાં આક્ષેપબાજી)

શાળા સંકુલે
થાય છે ઉલ્લંઘન -
લક્ષ્મણ-રેખા..
(ચારિત્ર્ય ઘડનારા જ..)

## ચિંતન

**અમિત ગુણો અપિ પદાર્થો દોષેણૈ કેન નિન્દિતો ભવતિ ।**
**નિખિલ રસાયન મહિતો ગંધેનો ગ્રેણ લશૂન ઇવ ॥**

'એક પદાર્થ - (કે કોઇ માણસ) અમાપ-અનેક ગુણોથી ભરેલો હોય, પરંતુ એક જ દોષથી તે નિંદાને પાત્ર બની જાય છે. લસણ-આમ જુઓ તો આયુર્વેદિક દૃષ્ટિએ અનેક ગુણોથી ભરપૂર છે પરંતુ એ પોતાની ઉગ્ર દુર્ગંધથી નિંદાને પાત્ર બને છે.'

ગુજરાતીમાં કહેવત છે 'સોનાની થાળીમાં લોખંડની મેખ' બીજી કહેવત છે - 'માણસ છે તો આખો સોનાનો પણ ગુહ્ય વિભાગ પિત્તળનો છે.' આ કહેવતનો અર્થ છે માણસ આખો સ્વભાવે-ચરિત્રે આચરણે સારો હોય પણ એકાદ પણ ખરાબ ટેવ-દુર્ગુણ હોય તો કયારેક અચાનક પતન કે બદનામી થઇ શકે છે.

એટલે દુર્ગુણ-ખરાબ ટેવ-વ્યસનથી બચવા પ્રયત્ન કરવો - અહીં 'લસણ' નું દૃષ્ટાંત આપી આ વાત સરળ રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## સુવિચાર

- જે વિચારનો સમય પાક્યો હોય તે વિચારથી વધારે શક્તિશાળી બીજું કશું ન હોઇ શકે - **હ્યુગો**
- ભોળપણ એ તો ભક્તનું ભૂષણ છે, ભોળપણ ખોઇ બેઠેલો માણસ સતત ચાલાકીની પીડા ભોગવતો રહે છે, આ પીડામાંથી છૂટવા માટે એને સતત હૂંફની ખેવના રહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એ આસમાં.. તેરે ખુદા કા નહીં ખૌફ.. ડરતે હૈ.. એ ઝમીં... તેરે આદમી સે હમ - **મંઝર ભોપાલી**
- શાંતિનો ખરો અર્થ શું છે એ યુદ્ધને જાણનારા જ સમજી શકે, જો યુદ્ધનો આભાર માનવાનું શક્ય હોય તો મને 'શાંતિ' શબ્દની સમજ આપવા બદલ હું યુદ્ધનો આભાર માનું - **નેલ્સન મંડેલા**
- આપણામાં રહેલો વિભીષણ ઊંઘી જાય ત્યારે આપણામાં રહેલી મંથરા જાગી ઊઠે છે - **ગુણવંત શાહ**
- બાળકના તમામ દુ:ખોની શરુઆત, એક પરીકથા વાંચતો બંધ થઇ જાય પછીથી થતી હોય છે - **ગીજુભાઇ બધેકા**
- ધર્મની શોધ આશ્વાસન પામવાની જરૂરિયાતમાંથી થઇ છે - **ખલિલ જિબ્રાન**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

જીવન સમસ્યાઓ, દુખો-આપત્તિઓથી ભરપૂર જ છે. સંસારમાં એનો કદી અંત આવવાનો નથી તમે જો એમ વિચારશો કે આ સમસ્યા પૂરી થાય પછી હું શાંતિથી ભગવાનને યાદ કરીશ. તો એ દિવસ કદી આવવાનો જ નથી.

એક અરબ પાસે સૂફી સંત ફકીર આવ્યા. અરબ પાસે એકસો ઉંટ હતા. સુખી હતો છતાં એના સંસારમાં અનેક સમસ્યા હતી. બાબા પાસે રોદળાં રડ્યો. કહ્યું બાબા મને કોઇ 'જડીબુટ્ટી' આપો...

બાબા કહે, મારી પાસે જડીબુટ્ટી છે. હું આજ રાત તારી પાસે રોકાઇ જઇશ. તું આજે આખી રાત જાગતો રહેજે. આ તારા એકસો ઉંટ - બધાને બેસાડી દે જે. જેવા બધા ઊંટ બેસી જાય કે તરત મને જગાડજે. હું તને એ બેઠેલાં ઊંટ જોઇ 'જડીબુટ્ટી' આપી દઇસ!

આરબ ખૂશ ખયો. રાત પર દોડાદોડી કરવા લાગ્યો જેવું કોઇ ઊભું થાય કે મહામહેનતે તેને બેસાડે. ત્યાં બીજું ઊભું થાય! આખી રાત આમ જ પસાર થઇ ચાર-પાંચ તો ઊંટ ઊભાં જ રહ્યાં...

ફકીર કહે - બેટા સમસ્યાઓ ઉંટ જેવી છે એ તો ઊભી રહેવાની જ એ કદી પૂરી થવાની નથી... આવી સમજ એ જ 'જડીબુટ્ટી' છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# પાટીદારોનું અનામત આંદોલન - ચિંતાજનક છે

## તંત્રી સ્થાનેથી....

ખરું પુછો તો અનામત આર્થિક ધોરણે અપાય તે જ ઈચ્છનીય ગણાય. એનો લાભ સવર્ણ જ્ઞાતિઓના આર્થિક રીતે નબળા-ગરીબ પરિવારોને પણ મળવો જોઈએ. પરંતુ ભારતમાં જ્ઞાતિવ્યવસ્થા એવી જડબેસલાક છે કે પંડિત નહેરુ જેવા સ્વપ્નદ્રષ્ટાથી લઈ ઈંદિરા ગાંધી, અટલબિહારી વાજપેયી કે નરેન્દ્ર મોદી જેવા લોકપ્રિય વડાપ્રધાનો પણ આ મુદ્દે ચૂપ રહેતા આવ્યા છે. તાજેતરમાં ઉત્તર ગુજરાતની સંસ્કાર નગરી ગણાતા વીસનગરમાં પાટીદાર સમુદાયે અનામત આંદોલન શરું કર્યું છે, જેણે ધાર્યા કરતાં વધુ જલદ અને હિંસક સ્વરુપ ધારણ કરી લેતાં રાજય સરકાર સ્વાભાવિક રીતે જ ઉચાટ ઉનુભવી રહી છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ માટે વીસનગર વતન સમોવડું નગર છે. ત્યાંની નૂતન સર્વવિદ્યાલય (હાઈસ્કૂલ) સાથે એમનું પ્રારંભિક શૈક્ષણિક જીવન સંકળાયેલું હોવાથી અને વીસનગર નજીકનું કડા મુખ્યમંત્રીશ્રીની સાસરીનું ગામ હોવાથી ત્યાંના પાટીદારો માટે આનંદીબેન 'સ્વજન' સમાન છે. આવા સંજોગોમાં 'મોસાળમાં જમણ અને મા પીરસનારી' જેવી સ્થિતિનો લાભ અંકે કરી લેવા પ્રેરાયેલ પાટીદાર સમાજ એકાએક અનામતની માગણી માટે દેખાવો યોજે અને ધારાસભ્યના કાર્યાલયમાં તોડફોડ કરે, ભાજપના અગ્રણીઓનાં વાહનોને આગ ચાંપે, તે બાબત સરકાર અને શાસક પક્ષ - બેઉ માટે ઊંડી ચિંતાનો વિષય બની રહે તે સમજાય એવું છે. ઉત્તર ગુજરાતનો પાટીદાર સમુદાય મહંદશે ભારતીય જનતા પાર્ટીના પરંપરાગત સમર્થક તરીકે ઓળખ ધરાવે છે. આ મહેનતકશ સમાજે ઊંઝા જેવું અપ્રતિમ માર્કેડ યાર્ડ વિકસાવ્યું છે. જયાં રોજેરોજ કરોડોનાં ચુકવણાં થાય છે. આ સમાજ અમદાવાદ અને સુરત જેવાં મહાનગરોમાં ભારે આર્થિક પ્રભુત્વ અને વ્યવસાયિક સામ્રાજ્ય ધરાવે છે. એ દષ્ટિએ જોતાં આર્થિક પછાત વર્ગોને અપાતી બક્ષી બ્રાન્ડ અનામત વ્યવસ્થાની એને જરુર જ ન હોય, બલકે એમાં સામેલ થતાં એ પોતે જ શરમ અનુભવે. પરંતુ ઉત્તર ગુજરાતના આંજણા ચૌધરી સમાજને ઘણાં વર્ષોથી આ લાભ મળી રહ્યો છે, તેથી પ્રેરાઈને આ આંદોલન આરંભાયું હોય એમ લાગે છે. ચૌધરી-આંજણા પાટીદારોના ઘણાં યુવાનો આ વ્યવસ્થાનો લાભ લઈ મેડિકલ - ઈજનેરી જેવી વિદ્યાશાખામાં પ્રવેશ મેળવતા રહે છે. એમને નોકરીઓમાં પણ બક્ષી-અનામત ક્વોટાનો લાભ મળે છે, જે આ કડવા-લેઉવા પાટીદાર સમુદાયને મળતો નથી. મહેસાણા જિલ્લામાં આ બેઉ પ્રભાવશાળી જ્ઞાતિ સમાજ એકમેકના કટ્ટર વિરોધી રહેતા આવ્યા છે, તે સૌ જાણે છે. રાજય સરકાર સામે આગામી પંચાયતોની ચૂંટણીનો મોટો પડકાર છે તેવા સમયે લાગ રાખીને આ આંદોલન શરુ કરાયું છે, એની પાછળ કોઈ ઊંડું રાજકારણ પણ હોઈ શકે છે. મોદી-શાસનમાં બાર વરસ સુધા મૂંગા રહેલા પાટીદારોએ એમના જ સમાજની એક મહિલા શાસન સૂત્રો સંભાળી રહેલ છે ત્યારે ગ્રહણ ટાણે જ સાપ કાઢ્યો છે. આનંદીબેન માટે આ આંદોલનનું યોગ્ય સમાધાન પડકારરુપ બાબત બની શકે છે. ભાજપનાં અંસતુષ્ટ તત્ત્વો અને કોંગ્રેસ - બેઉની છૂપી સાંઠગાંઠથી આ આંદોલન ઉગ્ર સ્વરુપ ધારણ કરશે તો એથી જનજીવન પર પ્રતિકૂળ અસર પડશે. ગુજરાતે સોલંકી શાસન દરમિયાન અનામત આંદોલનથી થયેલ અપાર નુકશાન વેઠેલું છે. આશા રાખીએ કે વીસનગરનો તણખો વીસનગરમાં જ બુઝાઈ જાય.

# પાટનગરમાં પીળા વાઘ

## મનના ઉમંગો

**- રણછોડ વી.પરમાર**

નાજુક અને નમણાં પુષ્પો પણ સૂરજ ઉગ્યા પછી જ એમની નિંદ્રાનો ત્યાગ કરે છે. કોમળ અને ઉષ્માભર્યા માયાળુ કિરણોનો હળવો સ્પર્શ મળ્યા પછી જ તેઓ પોતાની આંકો ઉઘાડે છે. થોડીવાર પછી અળવીતરો વાયરો કંઈક અડપલું કરે એટલે ખિલખિલાટ હસી પડે છે. સૂરજદાદા એકાદ હાથ જેટલા ઊંચા આવે ત્યાં સુધીમાં બધાં જગતને મધમધાવતા માટે તૈયાર થઈ જાય છે. મધુમાખી કે ભમરા તેમને મળવા આવે તે પહેલાં પ્રભુભકતો તેમને દેવસેવા માટે ચૂંટી ના જાય તો આખો દિવસ છોડવાઓ ઉપર ઝૂલવાનું નસીબ પ્રાપ્ત થાય છે, નહીંતર દેવચરણોમાં સાંજ પડ્યે ચીમડાઈ જવાનું, સાવરણી વડે વળાઈને ટોપલામાં ભરાઈ જઈને છેલ્લે કોઈ નદી કાંઠે અથવા તળાવના ખાડામાં ફેંકાઈ જઈને ઢગલો થવાનું તો નક્કી જ હોય છે.

તમે જોયું હશે કે આ નાજુક ફૂલો કરતાં ય નમણાં બાળકોની દશા સહેજે ય સારી નથી હોતી, આકાશ અને આંખોમાં હજુ ઘોર અંધારું છવાયેલું હોય, ગઈકાલના થાકેલા હાથપગને હજુ પૂરતો આરામ ના મળ્યો હોય ત્યારે મોડીરાત્રે માબાપોએ ગોઠવેલા એલાર્મ કર્કશ અવાજે ખખડવા માંડે છે. પહેલાં જાગે પોતાના સંતાનોને જગાડે છે. મસ્ત મજાના સ્વપ્નો જોતાં ભૂલકાઓ સફાળા ઝબકીને જાગી ઉઠે છે. 'મમ્મી... થોડીવાર ઉંદાવા દે ને...' એવી આજીજી થાય છે પરંતુ નિષ્ફળ જાય છે. શિયાળાની સવારે ગરમ ધાબળાની હૂંફ ઓઢી ટુટિયું વાળીન ઘસઘસાટ સૂતેલાં શિશુને ભરઅંધારે ઉઠાડવા જેવી આ જગતમાં બીજી કોઈ ક્રૂરતા નથી જે કદાચ આપણાં અધૂરા સ્વપ્નો પૂરાં કરવા માંડે આપણે સ્વેચ્છાએ સ્વીકારેલી હોય છે. કેટલીયે વાર આંખો ચોળ્યા પછી બાળક આંકો ઉઘાડે છે. મહાપરાણે પથારીમાંથી બેટા થવાય છે. બ્રશ કરવાની પ્રક્રિયા તો અડધી ઊંઘમાં જ પૂર્ણ થાય છે. નવાહાનું પતે તે પહેલાં ગરમાગરમ દૂધ અને લગીરે નહીં ભાવ તો નાસ્તો હાજર થઈ જાય છે. મોઢું બરાબર ધોવાયું ય ના હોય ત્યાં ઝટપર ગણવેશ પહેરાવી દેવાય છે. બૂટ-મોંજા પહેરાવામાં બહુ સમય બગડતો હોય એવું દરેક માતાપિતાઓને લાગે છે. બહુ ઠંડી હોય તો ગરમ ટોપી માથે અને જાડું સ્વેટર શરીર પર ઠઠાડી દેવામાં આવે છે. ગરમીની સીઝન હોય તો શું થયું, ટાઈ પહેર્યા વગર આ નવી ભારતીય પરંપરામાં ચાલે જ કેવી રીતે? જિંદગી ખૂબ બોજારુપ છે તેવી અત્યારથી જ પ્રતીતિ કરાવવાની હોય તેમ તેની પીઠ પર ભારેખમ દફતર લાદવામાં આવે છે. આટલો સરંજામ સજાવીને આવતીકાલના નાગરિકોને ઘરમાંથી નીકળી સ્કૂલવાન પકડવા માટે ચાલતાં (મોટાભાગે તો દોડતાં) જોઈએ છીએ ત્યારે કોઈના ચરણોમાં થનગનાટ કે અવાજમાં ઉમંગ જોવા મળતો નથી. પીઠ પર વજન ઊંચકીને નદી પાર કરતાં ટટ્ટુને પાછળથી ડંડા મારીને આગળ ધકેલવામાં આવતા હોય એવું દશ્ય દેખાય છે.

પાટનગરના પહોળા, લીસ્સા રસ્તા પર સવારના પહોરમાં પંદરથી વીસ પીળા રંગની સ્કૂલવાનો બેસૂરા ઘરઘરાટ સાથે સવાર થતી જોવા મળે છે. કાળી મીંદડી જેવી રીક્ષાઓ, જીપો અને સ્કૂલવાનો વળી જુદી. શાળાના નામો પણ અજબગજબના હોય છે. નાલંદા, તક્ષશીલા, સરસ્વતી, રામાનંદ, વિવેકાનંદ, ગુજરાત, નવગુજરાત, ભારત, નવભારત જેવા નામો હવે જુનવાણી થઈ ગયા છે. સીમલા ઈન્ટરનેશનલ, દિલ્હી મહાવિદ્યાલય જેવ નામો પણ ભૂલાવા માંડ્યા છે. તેના સ્થાને અભણ માણસોને બોલતાં ન જીને આંટી પડી જાય એવા એકદમ આધુનિક અંગ્રેજી નામો રાખવાથી તે તરફ પેરેન્ટ્સ (માબાપ શબ્દ તો ભાગ્યે જ કોઈ ટીચરના હોઠે અથડાતો હશે) જલ્દી આકર્ષાય છે એવું શાળા ખોલનાર ટ્રસ્ટીઓ દઢપણે માને છે. વળી ચિત્રવિચિત્ર પહેરવેશ (એને યુનિફોર્મ અર્થાત ગણવેસ તો કહેવાય જ કઈ રીતે?) રાખવાથી તેઓ જબરદસ્ત ઈમ્પ્રેસ થઈ જવાય, એ વાત સો ટકા નક્કી! આ દેશમાં ભરઉનાળે ગળામાં ટાઈ બાંધવાની શી જરુર છે તે મને કદી સમજાયું નથી. ધોમધખતા તાપમાં ચામડાના બૂટમાં બાળકોના પગની શી હાલત થતી હશે તે પછવા -વિચારવાનો કોઈને સમયન થી. આખી જિંદગી 'હેડ્ય, હોં કે, હોવ્વે' કરનારી છોકરીઓ અપટુડેટ તૈયાર થઈને તમારા બાળકોને ઈંગ્લીશના પાઠ ભણાવે છે. (આવા શિક્ષક શાળાને સસ્તા પડે ને?) ટ્રસ્ટીઓના ખિસ્સા ભરાય છે, માબાપોનો અહમ્ સંતોષાય છે. સાચું અંગ્રેજી કોઈને આવડતું નથી અને ગુજરાતી ભાષાની શી દશા થાય છે. તે વિચારવાનો આપી પાસે સમય કયાં છે? ગુજરાતી ભાષાનો લેખક જયારે જોડકણાં લખવા બેસે છે ત્યારે દસવાર વિચારીને એક વાક્ય લખે છે, ભૂલથી પણ એકાદ અઘરો કે જોડાશર વાળો શબ્દ લખાઈ જશે તો બાળકને સમજવામાં - વાંચવામાં બહુ તકલફ પડશે એની ચિંતા સતત સતાવતી રહે છે. તેની સામે અત્યારની ઈન્ટરનેશનલ સ્કૂલની શરુઆત જ 'ટ્વીંકલ ટ્વીંકલ લીટર સ્ટાર, હાઉ આર વન્ડર વ્હોટ યુ આર?' મોઢે કરવાથી થાય છે. 'રામા'નું 'રામ' થતાં બહુ વાર લાગે છે, પરંતુ 'રમા' એક અસગ જ શબ્દ છે એની તો આ ભૂલકાઓને કયારેક ખબર પડશે, રામ જાણે? ખરેખર ખબર પડશે ખરી?

પાટનગરના માર્ગો પર પૂરપાટ દોડી જતી પીળા પીળા વાઘ જેવી સ્કૂલવાનોમાં પૂરાયેલાં શિશુઓના મ્લાન ચહેરાઓ તમે જોયા હશે તો આપણી ગુજરાતી કવિએ લખેલું 'શિક્ષણ ???' કાવ્ય વાંચવામાં અને પછી સમજવામાં આપને શી જ મુશ્કેલી નહીં પડે, ફૂલો, પતંગિયા, વાદળ, ઝરણાં, માછલી વગેરેને જો આપણી આધુનિક શાળામાં ભણવા બેસાડી દેવાયા હોય તો એમને કેવી કેવી શિસ્ત પાળવી પડે અને કેવા નિયમોમાં બંધાઈ જવું પડે તેનું સચોટ વર્ણન કૃષ્ણભાઈએ કહ્યું છે. કૃષ્ણભાઈ બાળકો માટે કવિતા લખે છે ત્યારે પણ મોટેરાઓને કેવા ઝપટમાં લે છે એ જાણવા માટે પણ આપે તેમનાં કાવ્યો વાંચવા રહ્યા. હાલ તો સાંભળો આ એક કાવ્ય.

**શિક્ષણ ???**

આ સઘળા ફૂલોને કહી દો કે યુનિફોર્મમાં આવે
પતંગિયાઓને પણ કહી દો કે સાથે દફતર લાવે.
મન ફાવે ત્યાં માછલીઓને આમ નહીં તરવાનું
સ્વીમીંગ પુલના સઘળા નિયમોનું પાલન કરવાનું
દરેક કૂંપળને કમ્પ્યૂટર ફરજિયાત શીખવાનું
લખી જણાવો વાલીઓને તુર્ત જ ફી ભરવાનું.
આ ઝરણાંઓને સમજાવો સીધી લીટી દોરે
કોયલને પણ કહી દેવું ના ટહુકે ભર બપોરે.
અમથું કેં આ વાદળીઓને એડમિશન દેવાનું?
ડોનેશનમાં આખ્ખે આખ્ખું ચોમાસું લેવાનું
એક નહીં પણ મારી ચાલે છે અઢ્ઢાવલ સ્કૂલો
આઉટડેટેડ થયેલો વડલો મારી કાઢે ભૂલો.

- કૃષ્ણ દવે

# પળમાં જ પરિસ્થિતિ પામી જતાં, એક વધુ ફટકા વિશે વિચારતો બિહારી ખડખડાટ હસી પડ્યો

## ફટકો

**- જય ગજ્જર**

'દાદા, બે દિ'થી ભુખી છું...'

બિહારીને એ શબ્દો સ્પર્શી ગયા. પોતે પૈસે ટકે સાધનસંપન્ન હતો. લાંબા અને કપરાં જીવનમાં ઘણા ફટકા ખાધા હતા, પણ દયા છૂટી નહોતી.

હાથ લંબાવેલ, બારતેર વર્ષની તે બાલિકાને પૂછાઈ ગયું, 'બેટા સ્કૂલે નથી જતી?'

'ના, મને કોણ સ્કૂલે મોકલે?'

'કેમ? માબાપ નથી?'

'માબાપ નથી, ઘર નથી, સૂવા ઓટલો નથી.' દયાદ્રભાવે છોકરી બોલી.

'તારે ઘર જોઈએ? બે ટંક ખાવાનું જોઈએ?'

'જોઈએ, પણ કોણ આપે?'

ડોસાએ એની પર નજર સ્થિર કરી. એનો દયાદ્ર ચહેરો, ચીથરે હાલ કપડાં, ભૂખથી બેસી ગયેલા ગાલ...

દશ વર્ષ પહેલાંની એક છાયા યાદ આવી ગઈ. એ જ ઉંમર, એવો જ નમણો ચહેરો, દાદાની લાડકી દીકરી. નાની ઉંમરે દીકરીને અટૂલી મૂકી માબાપ ધરતીકંપનો કોપ બનતાં આસપાસના વાતાવરણે ડોસાને કોરી ખાધો. દીકરી નાની હતી એટલે એને પૂરી સમજ નહોતી. બધું ભૂલવા ભારે હૈયે દીકરીને લઈ વતન છોડ્યું.

મોટા શહેરમાં અજાણ્યા માણસોની વચ્ચે ઘર ખરીદી દીકરીને મોટી કરતો રહ્યો - સદાચાર અને સમભાવના પાઠ શીખવતો રહ્યો. નસીબ આડું ફાટ્યું. કોઈ મવાલીઓ છોકરીને ઉપાડી ગયા. ડોસો ભાંગી પડ્યો. બધી હિંમત ગુમાવી બેઠો.

ધીમે ધીમે મન વાળી ભગવાનને ભરોસે જિંદગી મૂકી દીધી...

આજે એક નિરાધાર છોકરીને જોઈ ઊંડે ઊંડે દયાનું ઝરણું વહીં રહ્યું તે એકાએક ખળખળી ઊઠ્યું.

'મારે ઘેર આવવું છે? ખાવાપીવાનું, રહેવાનું, ભણવાનું મળી રહેશે.'

છોકરી સ્તબ્ધ બની ડોસા સામે તાકી રહી. કંઈક વિચારી બોલી, 'ભગવાને તમને મોકલ્યા લાગે છે. ચાલો તમારી સાથે આવું છું.'

છોકરી ડોસાની સાથે ચાલી નીકળી. ઘેર જઈ ડોસા સાથે જમી. થોડી વાતો કરી આત્મીયતા કેળવી.

'હું જિંદગીભર તમારો ઉપકાર નહિ ભૂલું, દાદા.'

દાદા શબ્દ સાંભળી ડોસો પીગળી ગયો. પોતીકું કોઈ મળ્યાના આનંદ સાથે ઓશીકા પાસે ચાવીનું ઝુમખું મૂકી પલંગમાં આડો પડ્યો. વહાલી દીકરીનાં સમણાંમાં ખોવાઈ ગયો.

બે કલાકે ઝબકીને જાગ્યો. સામે તિજોરીનું બારણું ખુલ્લું જોઈ એને ફાળ પડી. ઓશિકા નીચે ચાવીઓનો ઝુડો નહોતો. ઘર અધકચરું બંધ જોતા ડોસાને ફાળ પડી.

ચારે બાજુ નવી દીકરીને શોધી રહ્યો. દીકરી કયાંક દેખાઈ નહીં.

પળમાં જ પરિસ્થિતિ પામી જતાં, એક વધુ ફટકા વિશે વિચારતો બિહારી ખડખડાટ હસી પડ્યો.

# ગાંધીજીને એકવીસમી સદીના પર્યાવરણમાં સમજવાનો સંનિષ્ઠ પ્રયાસ

## અદબ પલાઠી મોં પર આંગળી

**ડો. સંતોષ દેવકર**

એ લાકડી
કોઈ પર ઉગામવા માટે ન હતી.
એ લાકડી
કોઈએ કરેલા પ્રહારને ખાળવા માટે પણ ન હતી.
આવી અહિંસક લાકડી
દુનિયાએ કયારેય જોઈ નથી.
એ હતી ગાંધીની લાકડી!

**(ગુણવંત શાહ)**

આજે એક એવા પુસ્તક વિશે વાત કરવી છે, જે મહાત્મા ગાંધી માટે ધરબાયેલી અનેક ગેર માન્યતાઓનું ખંડન કરે છે અને અનેક શંકાઓનું સમાધાન કરે છે. ગુજરાતના વિચાર પુરુષ પદમશ્રી ગુણવંત શાહ લિખીત પુસ્તક 'ગાંધીની લાકડી.'

પુસ્તકના પાને પાને ગાંધીને સમજવાનાં દષ્ટિકોણના દર્શન થાય છે. ગાંધીને છેતરીને ગાંધી વિશે પુસ્તક ન લખાય. એ પાપ કરવાનું લેખકને મંજૂર નથી. આ પુસ્તકની કેટલીક વાતો વાચકોને ગમે કે ન ગમે તો પણ સત્ય સાથે કયાંય છૂટછાટ લીધી નથી તેની લેખક ખાતરી આપે છે.

કોઈ પણ ફિલ્મ તૈયાર થાય તે માટે કેટલાંક પ્રતિબધ્ધ કલાકારો પોતાના ફિલ્મની માંગ પ્રમાણેનું કેરેકટર તૈયાર કરવા તેને ન્યાય અપાય તે માટે કેટલીક પૂર્વ તૈયારીના ભાગરૂપે પોતાના શરીરમાં વધઘટ (સીકસપેક, ફોર પેક, ઝીરો સાઈઝ) વગેરે કરતાં હોય છે. આ પુસ્તક લખતાં પહેલાં લેખકે પોતે આ પ્રકારની પૂર્વ તૈયારી કરી હોય તેમ લાગ્યા વગર રહેતું નથી. ગાંધીનું સત્ય ખૂબજ નિખાલસતા પૂર્વક વાચકો સમક્ષ ધરી દીધું છે. લેખકે તે માટે પોતાની જાતને આઠ પ્રશ્નોમાંથી પસાર કરી છે, અને લગભગ તમામ પ્રશ્નોમાં પોતે પાસ થયા છે. આઠ પ્રશ્નો ટૂંકમાં સાંભળો : ક્ષમા માગી લેવાની ખેલદિલી છે? વિરોધીમાં સારપ જોવાની અને જાહેરમાં સ્વીકાર કરવાની ઉદારતા છે? સ્વજન કે મિત્રની મર્યાદા અંગે સભાનતા છે ? આર્થિક લેવડ દેવડમાં અણીશુધ્ધતા છે? બે પક્ષો વચ્ચે પડેલી તકરારમાં સત્યના પક્ષે રહી તરફેણ કરવાની હિંમત છે?

સેકયુલર મિજાજ કેળવાયો છે ? સેકસ પ્રત્યે અભાવ રાખ્યા વિના તેમાં પ્રેમનું તત્વ ઉમેરવાની જંખના જીવતી છે? સાચું લાગે તે સ્મિત ગુમાવ્યા વિના પ્રગટ કરવાની ક્ષમતા છે?

આવા કેટલાંક પ્રશ્નોનું ખાસ્સુ હોમવર્ક લેખકે કરેલું છે આવા થોડાંક પ્રશ્નોમાં મહાત્મા બન્યા સિવાય ગાંધીના રસ્તે હીંડતા રહેવાની શકયતા પડેલી છે. કુકડાએ પોતાનું કૂકડાપણું જાળવીને જીવવાનું છે. હું ગાંધીજીનો પ્રશંસક છું. પરંતુ ગુણવંતપણું ગુમાવીને ગાંધીજીની બધી વાતો લેખક પોતાની આંખ મીંચીને સ્વીકારી લેવા તૈયાર નથી. ચાર પ્રકરણને અંતે લેખક વાચકને હળવો સવાલ કરી કહે છે કે જો હિંમત બચી હોય તો જ આગળના પ્રકરણ વાંચવા વિનંતી છે.

" નિખાલસતાના હાઈવે પર ઉભેલા ગાંધીજી " આ પ્રકરણમાં લેખકે કહેવાતા ગાંધીવાદીઓની ઝાટકણી કાઢી છે. અટલબિહારી વાજપેઈની નિખાલસ વાત સાંભળીને તેમના પ્રત્યે આદર વધી ગયો જયારે ગાંધીવાદીઓ નિખાલસ બની ન શકયા નો અફસોસ પણ લેખકે વ્યકત કર્યો છે. મહાત્મા ગાંધીના વિચારોનું અનુસરણ કરવાના બે રસ્તા છે.

૧. ગાંધીની બધી જ વાતો સ્વીકારી લેવી. ૨. ગાંધીની કેટલીક વાતો અસ્વીકાર્ય જણાય તો તેનો સ્પષ્ટ અસ્વીકાર કરીને બાકીની વાતો પર નિષ્ઠાપૂર્વક આચરણ કરવું.

પ્રથમ રસ્તો અપનાવવામાં દંભ વધી પડે એ શકય છે. બીજો રસ્તો મહાત્માને વધુ ગમી જાય તેવો છે. આ પુસ્તક ઘણું ખરું નિખાલસતાના પાયા પર રચાયેલું હોય, એવો અહેસાસ વાચકને પાને-પાને થાય છે.

ઘણું ખરૂ નવી પેઢીને ધ્યાનમાં રાખીને લખાયેલું આ પુસ્તક યુવા પેઢીને વાંચવું ગમશે. તેનુ મુખ્ય કારણ એ છે કે લેખક પોતે પણ ગાંધીના કેટલાક વિચારો સાથે સંમત નથી. અને જયાં સંમત છે ત્યાં નિષ્ઠાપૂર્વક સ્વીકારે છે. એટલું જ નહિ, પોતાના જીવનમાં ઉતારવાનો પ્રમાણિક પ્રયત્ન પણ કર્યો છે. તેની પૂર્તિ માટે લેખકે પોતાના અંગત ઉદાહરણો પણ આપેલા છે. યુવા પેઢીને આ પુસ્તક ગમી જવાનુ અન્ય કારણ એ છે કે કયાંય શિખામણ કે સલાહની વાત નથી. વાચકે શું સ્વીકારવું અને શું ન સ્વીકારવું તેની પૂરતી મોકળાશ લેખકે કરી આપી છે. 'નિખાલસતા' શબ્દને ખૂબ સુંદર રીતે ઉઘાડી આપ્યો છે. લેખક પોતે ખુલ્યા ને ખિલ્યા છે. તેમની 'ગુણવંત શૈલી' પાને-પાને ઠલવાયેલી હોઈ વાંચનનો ભાર વરતાતો નથી.

પુસ્તક વાંચવાથી ગાંધીને પામી નહિ શકાય પણ નજીક ચોકકસ પહોંચી શકાશે એમાં બે મત નથી. આ પહેલાં લેખકના પુસ્તકો 'ગાંધીની ઘડિયાળ', 'ગાંધીના ચશ્મા' ને 'ગાંધીની ચંપલ' વાચકોને યાદ હશે જ મારી દૃષ્ટિએ 'ગાંધીની લાકડી' આપણા હૃદયને વધુ નજીકથી સ્પર્શે છે.

બ્રહ્મચર્ય એટલે શું ? નો જવાબ કેટલો અદ્ભુત છે.!!! તે (પાન નં. ૫૧) પર વાંચવો રહયો.

કોઈ પુસ્તક પ્રિય કયારે બને ? જયારે પુસ્તકનાં પાના પર પથરાયેલી વાતોમાં રહેલું કોઈ સત્ય આપણા હૃદયને ઝંકૃત કરે . ગાંધીવિચારો સુધી પહોંચવામાં લેખકે આ પુસ્તક દ્વારા એક રાજમાર્ગ કંડારી આપ્યો છે. જે વાચકો ગુણવંત શાહ ને સુપેરે જાણે છે અને આંખ, કાન, અને મનનું ખુલ્લાપણું જેણે જાળવ્યું છે, તેઓ ખરેખર ઝુમી ઉઠશે, ગાંધી સમીપ પહોંચવાના આનંદથી.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# જો કોઇ હો ગુરૂ તો બતાવો

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દસેતુ

સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર

સાભાર સ્વીકાર સેતુ

આપણા દેશમાં મધ્યમ માર્ગને પ્રસિદ્ધ કરનાર ભગવાન બુદ્ધ થયા. તેમનું બૌદ્ધ સાહિત્ય અઢળક છે. તેમાં 'જાતક કથાઓ' એક અમુલો વારસો છે. ભગવાન બુદ્ધના 'બોધિસત્વ' તરીકેના પૂર્વજન્મોની કથાઓ એટલે 'જાતક કથાઓ' ભગવાન બુદ્ધે પોતાના શિષ્યોને પોતે જ કોઈને કોઈ પૂર્વ જન્મની કથાઓ સંસ્મરણ રુપે કહી છે જેમાં ઘણી લોકપ્રિય થઈ છે.

આવી કથાઓ અનોખી રીતે રજૂ કરવામાં આવે તો બાળકોને તે આકર્ષતી હોય છે. તેથી સરસ મજાના ચિત્રો અને મનોહર મુદ્રણ સાથે આ જાતક કથાઓ આપણને ડિવાઈન દ્વારા મળે છે. તેની નાની નાની છ પુસ્તીકાઓ સ્વરુપે તૈયાર કરી છે. તમામ જાતક કથાઓની રજૂઆત જાણીતા બાળસાહિત્યકાર અને લેખક કનુ પેઢાલીકર દ્વારા કરવામાં આવી છે.

જેમાં (૧) જ્ઞાન ગમ્મતની વાતોમાં સાચી મિત્રતા, જૂઠનો બુરો અંજામ, ખજાનાની શક્તિ, લાલચ બહુ બુરી, ઠેરના ઠેર, બુદ્ધિ સૌથી મોટું બળ, મૂર્ખની મિત્રતા, સલાહ લેવી કામની, સિંહને ભગાડતું શિયાળ, સ્વામી ભક્તિનું ઈનામ, સસલો ય સિંહથી કમ નથી. જેવી વાતો સમાવાઈ છે.

તો વળી (૨) અનોખી વાતમાં જીવલેણ મૈત્રી, વૃક્ષ પણ મૂર્ખ હોય, લોભી લાલચે મોતને ભેટે, ઢોલક બજાવી ઈનામ ખોયું, મૂર્ખાઈનો માર ખાધો, શક્તિનો મદ બૂરો, એક ચણાની શોધ, સ્વામી ભક્તિનો વારસો, આંખે જોયું જ સાચું માનવું જેવી પ્રસંગ કથાઓ અનોખી રીતે લેખકે રજૂ કરી છે.

બુદ્ધ ભગવાનની જાતક કથાઓમાં મનોરંજનક વાતો પણ આવે છે. જેમાં એક પૈસા મેળવીન રહ્યો, હારની ચોરી, યોગ્ય વર, હરણે શિકારીને હંફાવ્યો, બકરીએ શિયાળને ભગાડ્યાં, ઉપકાર અને અપકાર જેવી ઘટનાઓ ને મનોરંજક રીતે રજૂ કરાઈ છે. બુદ્ધની વાત હોય એટલે તેમાં બોધ તો હોવાનો જ આવી બોધદાયક વાતોમાં પસ્તાવો કર્યે શું? દેવદૂત પરખાયો, કંજૂસ બન્યો ઉદાર, સાવ ડરપોક છે ડરપોક, મહા કંજૂસ ખજાનચી, ધૂર્ત સંત ન બને, ઓળખપત્ર, ખરેખર પાગલ તઈ, સાચો ન્યાય.

બુદ્ધવાતો વાંચમાં કેટલીય ખુબ અણમોલ લાગો તેવી હોય છે. જેમ કે હું બહું રાહ નહીં જોવડાવું, ફુગ્ગો ફુટે એમ, 'નારી જાતની ગાળ' વેશધારી સાધુ, ઉખેડી નાંખ્યો છોડ, જીભ હરાવે જીભ જીતાડે સાચી સલાહ, સમય સૂચકતા સાચી સરદારી, 'રત્નહાર ન જોઈએ' જેવી કથાઓ અહીં મળે છે.

બુદ્ધની જાતક કથાઓમાં અવનવી વાતો પણ મળે છે. જે બાળકોને ખુબ જ ગમે જેમ કે - બગીચામાં પાણીનો બચાવ, 'ભલે હું મૌન રહીશ, પ્રિયાનો આત્મભોગ, ચાલો પરીક્ષા કરવા ધર્મ, કુસંપનું ફળ, ડાહ્યો અને દોડડાહ્યો,' તે જાતને જતાવીને!' મિત્રનો સજ્જન ભલો, હરણબાળની ચાલાકી, અને છેલ્લે જેવી અવનવી વાતો મળે છે.

ભગવાન બુદ્ધની જાતક કથાઓ ભાગ ૧ થી ૬
લેખન - કનુ પેઢામળીકર, પ્રકાશક - ડિવાઈન પબ્લિકેશનન્સ, અમદાવાદ
કિંમત - છ પુસ્તકોના સેટની કિંમત રૂા. ૩૬૦, આવૃત્તિ - ૨૦૧૪

**પરાક્રમી પશુઓ ભાગ ૧-૨, લેખક - વંદન રાવલ.**

તાજેતરમાં રાજયકક્ષાના બાળકવિ સંમેલનમાં જેણે ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરેલ અને રાજયકક્ષાએ ઈનામ પ્રાપ્ત કરેલ છે. તેવા સર્જક વંદન રાવળે તે સાતના ધોરણમાં હતો ત્યારે એક બાળનવલ લખેલી છે. જે ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહયોગથી પ્રગટ કરવામાં આવેલી છે. લેખક કહે છે પ્રાણીઓનું રહેઠાણ જંગલ છે. પણ અત્યારે આ સૃષ્ટિ પરથી જંગલો અને પ્રાણીઓનો વિનાશ થઈ રહ્યો છે. માનવી પોતાની સ્વાર્થ ખાતર વનોનો નાશ કરી રહ્યો છે.' માનવી પોતાના સ્વાર્થ ખાતર વનોનો નાશ કરી રહ્યો છે. આ વાતને લેખકે મહોબ્બતખાન અને કપટરાજની લડાઈ અને સુંદરપુરના રાજા રાણીને બચાવવામાં મળતી સફળતા દ્વારા સુંદર રીતે વ્યક્ત કરી છે. લેખકે ખુબ ખુબ અભિનંદન!'

આ પુસ્તક ગ્રામસેવા કેન્દ્ર, સંમેશ્વર, તા. સમી, જિ. પાટણ દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે. કિંમત - રૂા. ૩૦, પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

**કાવ્યસેતુ - જો કોઇ હો ગુરુ તો બતાવો**

દેડકા જેટલી લાંબી
સમાધિ લેતા હોય એવા
જો કોઈ હો ગુરુ તો બતાવનો!
કાચબા જેટલો પ્રાણાયામ કરી
શકતા હોય એવા
જો કોઈ હો ગુરુ તો બતાવો!
વડવાગોળની જેમ ઊંડી શકતા હોય એવા
જો કોઈ હો ગુરુ તો બતાવો!
મર્કટની જેમ ઉલટ-સૂલટ યોગાસનો કરી
શકતા હોય એવા
જો કોઈ હો ગુરુ તો બતાવો!
કુદરત જેટલા ચમત્કાર કરી
શકતા હોય એવા
જો કોઈ હો ગુરુ તો બતાવો!
કે.લાલ જેવા જાદુ કરી શકતા હોય એવા
જો કોઈ હો ગુરુ તો બતાવો!

- પ્રવીણ ગઢવી